Akram Express
January 2011
Year : 3, Issue : 5
Conti. Issue No.: 29

## ૧૩ થી ૧૫ વર્ષ

### પહેલું ઈનામ

નવી સદીના રાહબર !
નવી સદીના રાહબર 'નીરુમા' મળ્યા અમને,
અમે રહીશું સાથે 'દાદા', વચન દીધું છે તમને !
કિરણો દૂર ન રહે સૂર્યથી,
એ જ અમારે કહેવું !
નદી ભળે સાગરમાં એમ જ
હળી-મળીને વહેવું !
પરિવાર સિદ્ધિ પામે છે, દેખાડીશું જગને !.... અમે....
'નીરુમા'માં 'દાદા' તમ પડઘો,
ઝીલવા તત્પર રહીશું !
જે પામ્યા, જે પામીશું,
તે સ્નેહથી સૌને કહીશું !
અંતર અંતરના ઓગાળી, ભાવથી ભરશું ઢંગને !... અમે...
જગત કલ્યાણ વચન પાળી દાદાનું,
નીરુમા ની ટેક ન જાયે !
એ જ ભૂમિના સંસ્કારો આ,
કેમ કદી વિસરાયે !
બોલેલું પાળીશું 'દાદા' આશિષ અર્પો અમને !.... અમે......

દેસાઈ પ્રિતેશ
સુરત, ઉંમર :-૧૫ વર્ષ

### બીજું ઈનામ

છે કાર્ય જગતકલ્યાણ મારા દાદાનું,
એ કાર્ય છે આપણે કરવાનું.
છો નીરુમા આપ પ્રેમ સ્વરૂપ મૂર્તિ રે,
વાત્સલ્યની છો ગંગોત્રી રે...
પૂજ્યશ્રી દ્વારા આગળ ચાલે કાર્ય રે...
એમાં દાદા-નીરુમાનો સહકાર રે...
મન-વચન-કાયાની એકતા જન્માવીશું
જગત કલ્યાણનું કાર્ય ઘેર-ઘેર લઈ જઈશું.
છે હેલ્પ જેમાં મારા દાદા-નીરુમાની,
છે મજા એવા જગત કલ્યાણ કરવાની.
જેનું સ્ટેશન છે મોક્ષધામ રે...
એવી જગત કલ્યાણની એક્સપ્રેસ રે...
છે એમાં મારા દાદા એન્જિન રે...
ને નીરુમા છો આપ એના ચાલક રે...
છો દીપકભાઈ આપ જેમાં માહિતગાર રે...
એમાં અમે સૌ પેસેન્જર રે...

ફુલટારીયા દિશા
રાજકોટ, ઉંમર :- ૧૫ વર્ષ

### બીજું ઈનામ

એક વાર દાદા મને સપનામાં આવ્યા હતા,
સાથે નીરુમા અને દીપકભાઈને લાવ્યા હતા.
વાત જાણે એમ હતી કે હું ટી.વી. જોતો હતો,
ઘરના બારણે ટકોરા પડતા બારણું ઉઘાડતો હતો.
આંગણે તેજસ્વી દિવ્ય દેવ સમા કુરિયર ઊભા હતા,
'જગત કલ્યાણ'ની યોજના હેઠળ પાર્સલ વહેંચતા હતા.
ઝટપટ મેં ખોલ્યું પાર્સલ તો ચારેકોર થયો ઉજાસ,
ને હું પામ્યો જગત કલ્યાણના નિમિત્તરૂપે,
અક્રમ એક્સપ્રેસનો પ્રકાશ.
સીમંધર સ્વામીના દૂતને હું ન ઓળખી શક્યો,
'મૂર્ખ' હું ઘણો, દાદાની સેવાની તક ન ઝડપી શક્યો.

પટેલ કેવલ
સુરત, ઉંમર :- ૧૪ વર્ષ

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation,
Editor - Mr. Dimple Mehta,
Printing Press
**Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College, Usmanpura, Ahmedabad-14.

જાન્યુઆરી ૨૦૧૧

કિંમત રૂ. ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## વેલકમ ૨૦૧૧

## બાય બાય ૨૦૧૦



# અક્રમ એક્સપ્રેસ

## અનુક્રમણિકા


Bye Bye ૨૦૧૦
ફેબ્રુઆરી - મુંબઈ ૧
મે -'સમર કેમ્પ' - યુ.કે. ૨
જુલાઈ - ગુરુપૂર્ણિમા ૪
ઓગષ્ટ - I Star ૬
સપ્ટેમ્બર-જન્માષ્ટમી તથા પૂજ્યશ્રીની સત્સંગ યાત્રા ૮
ઓક્ટોબર - પૂજ્યશ્રીની આફ્રિકા અને દુબઈની સત્સંગ યાત્રા ૧૦
નવેમ્બર - રંગોળી સ્પર્ધા અને ફ્યુઝન ૨૦૧૦ ૧૨
ડિસેમ્બર - સ્ટોર ઓફ હેપ્પીનેસ ૧૪
મનગમતી વાર્તા ૧૫
કાવ્ય સ્પર્ધાનું પરિણામ ૧૬
Welcome ૨૦૧૧


બાળમિત્રો,

તમને સૌને 'હેપ્પી ન્યુ યર'. નવા વર્ષ માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ. ૨૦૧૦નું વર્ષ તમારી સાથે નવા નવા વિષયો પર વાતો કરતા કરતા ક્યાં પસાર થઈ ગયું એ ખ્યાલ જ ન રહ્યો. દર મહિને નવી નવી વાતો સાથે તમને મળવાનું મને તો બહુ જ ગમે છે, અને તમને?

તો આવો, પસાર થઈ ગયેલા વર્ષ પર ફરી એક ઉડતી નજર કરીએ. હા, હા. લાંબી લાંબી વાતોથી નહીં પણ રંગબેરંગી સરસ મજાના ફોટાઓ જોઈને યાદોને તાજી કરીએ. ગમશે ને?

-ડિમ્પલ મહેતા


તંત્રી તથા સંપાદક :
ડિમ્પલ મહેતા
વર્ષ : ૩, અંક : ૫
સળંગ અંક : ૨૯
જાન્યુઆરી ૨૦૧૦



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ:
(૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯

રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: ૭૮૫-૨૭૧-૦૮૬૯
U.K.: ૦૭૯૫૬૪૭૬૨૫૩
Website: kids.dadabhagwan.org



Printed, Published and Owned by :
Dimple Mehta on behalf of Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
Published at Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printing Press:-
Amba Offset
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.


લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# BYE BYE 2010

## February - મુંબઈ

મુંબઈ સત્સંગ વખતે ૩૬૦ ડિગ્રી પેરેન્ટિંગનું આયોજન કરાયું હતું. મોટી સંખ્યામાં વાલીઓ તથા શિક્ષકોએ આનો લાભ લીધો હતો. રોજ ઘણી સ્કૂલોના ટીચર્સ અને પ્રિન્સિપાલ આ પ્રદર્શન જોવા આવતા. બાળકોને પ્રેમથી કેવી રીતે ઉછેરવા એની અદ્‌ભુત સમજણ લખાણ, ચિત્રો અને ડિસ્પ્લે દ્વારા અપાઈ હતી. ઘણા માતા-પિતાઓ આ પ્રદર્શન જોઈને ભાવવિભોર થઈ ગયા હતા અને તેમને પશ્ચાતાપ થઈ રહ્યો હતો કે આજે અમને ખ્યાલ આવ્યો કે બાળકો સાથે કેવી રીતે વર્તવું.


### ૩૬૦ ડીગ્રી પેરેન્ટીંગ નિહાળતા વાલીઓ તથા શિક્ષકો









# ભારતના વિવિધ સેન્ટરોમાં વેકેશન દરમ્યાન 'સમર કેમ્પ'



પ્રાર્થના અને સત્સંગ



પ્રક્ષાલ-પૂજા



પપેટ શો



ક્રાફ્ટ એક્ટીવીટી



ગરબા

લગભગ ૧૦૦૦-૧૨૦૦ બાળકો દર વર્ષે આ સમર કેમ્પનો લાભ લે છે. સત્સંગ ઉપરાંત વાર્તા, રમત-ગમત, પપેટ શો, એક્ટિવિટીઝ અને ભક્તિ જેવી વિવિધતાના કારણે બાળકોને કેમ્પમાં આવવાનું બહુ જ ગમતું હોય છે.

MAY

# BYE BYE 2010

MAY





વેલ્સના બાળકો સાથે

દરેક જગ્યાએ બાળ મહાત્માઓની સંખ્યા વધતી જાય છે. બાળકોને પૂજ્યશ્રીનું એટલું ઘેલું લાગે છે કે એમની આજુબાજુ જ ફર્યા કરતા હોય છે. અરે, દૃષ્ટિ પણ દૂર કરતા નથી.




## યુ.કે



# JULY

# પરમ પૂજ્ય દાદા ભગવાનની ગુરુપૂર્ણિમા - ન્યુ જર્સી (યુ.એસ.એ)



કિડ્સ વર્લ્ડનું ઉદ્ઘાટન



પપેટ શો



એક્ઝીબીશન



પીકનીકમાં બાળક સાથે

ન્યુ જર્સીમાં ઉજવાયેલી ગુરુપૂર્ણિમામાં ત્યાંનાં બાળકો અને યુવાનોએ સુંદર પ્રદર્શન અને કલ્ચરલ શોનું આયોજન કર્યું હતું. ગુરુપૂનમ ઉજવણી દરમ્યાન ઘણાં યુવાન ભાઈઓ-બહેનોએ પોતાની સેવા આપી હતી.





ભક્તિપદ

## કલ્ચરલ શો



નાટક



જગતકલ્યાણની ભાવના

BYE 2010

# Bye Bye 2010



પૂજ્યશ્રી સાથે



ગેધરીંગ



એક્ટીવીટી

## વિદેશોમાં વસતા ભારતીય યુવક-યુવતીઓ માટેની શિબીર

જેમ દર વર્ષે ભારતમાં વસતા બાળકો માટે સમર કેમ્પનું આયોજન થાય છે, એવી રીતે આ વર્ષે પ્રથમ વાર વિદેશમાં વસતા ટીન એજર્સ યુવાનો માટે અડાલજમાં ૧૫ દિવસની સંસ્કાર સિંચન શિબિરનું આયોજન કર્યું હતું. જેનું નામ રાખવામાં આવ્યું હતું ISTAR. આ શિબિર ૧૩ થી ૨૧ વર્ષની ઉંમરના ટીન એજર્સ યુવાનો માટે હતી. આશરે ૫૦ ટીન એજર્સ યુવાનો આ શિબિરમાં આવ્યા હતા. મોટા ભાગના ટીન એજર્સ યુવાનો યુ.એસ.એ., યુ.કે., અને કેન્યાના હતા. ઉપરાંત મોટા ભાગના યુવાનો પહેલી વાર ભારત આવ્યા હતા એવા હતા. એમના માટે સ્પેશિયલ કીચન ઊભું કરવામાં આવ્યું હતું, જેમાં એમને ભાવે એવું ફૂડ બનાવવામાં આવતું.

સત્સંગ ઉપરાંત વિવિધ એક્ટિવિટીઝ, ગેમ્સ, આઉટીંગ અને જાત્રા આ શિબિરના ખાસ આકર્ષણો હતા. દરેક પ્રવૃત્તિમાં ભારતીય સંસ્કૃતિને વણી લેવામાં આવી હતી, જેનાથી એન.આર.આઈ યુવા વર્ગ સૌથી વધુ પ્રભાવિત થયો હતો.

આ શિબિર બધા માટે એક યાદગાર શિબિર બની ગઈ હતી.

## August



રાખી મેકિંગ




પૂજ્યશ્રી સાથે સત્સંગ



પૂજ્યશ્રી સાથે



ગ્રુપ ડીસ્કશન



આઉટીંગ




ગેમ્સ

# પૂજ્યશ્રીનો સત્સંગ પ્રવાસ

## અડાલજ ત્રિમંદિર ખાતે જન્માષ્ટમીની ઉજવણી

August



## ન્યૂઝીલેન્ડ










BYE BYE 2010

## સિંગાપોર



સિંગાપોરના મહાત્મા સાથે પૂજ્યશ્રી





કેબલ કારમાં પૂજ્યશ્રી

મહાત્માઓને પૂજ્યશ્રીનું સાનિધ્ય મળે અને પરિચય તેમ જ અભેદતા વધે એ માટે પૂજ્યશ્રી દરેક જગ્યાએ આઉટીંગ તેમ જ નાના પ્રવાસનું ખાસ આયોજન કરે છે. પ્રવાસ દરમ્યાન પૂજ્યશ્રીની મૌલિક મુદ્રાઓ, સરળતા, સહજતા વગેરે જોઈને મહાત્માઓ ખૂબ આનંદ પામતા અને સત્સંગરૂપી સિંચનથી મોક્ષની શ્રેણીઓ ચડતા.

September



## ઓસ્ટ્રેલિયા





સાઈટ સીન - ઓસ્ટ્રેલિયા



# પૂજ્યશ્રીની આફ્રિકા અને દુબઈની સત્સંગ યાત્રા


BYE BYE 2010


OCTOBER


જીરાફ પાર્ક


કેન્યા યુથ ગ્રુપ




યુવાનો સાથે




પ્લેનમાં પૂજ્યશ્રી કોકપીટમાં

## દુબઈ


એક્ટીવીટી


બાળકો સાથે

ફક્ત ભારતીય જ નહીં, પણ ત્યાંના આફ્રિકન લોકોએ પણ ભાગ લીધો હતો. દરેક સ્થળે મહાત્માઓની પૂજ્યશ્રી પ્રત્યેની ભક્તિ છલકાતી જોવા મળતી હતી.

# NOVEMBER

# રંગોળી સ્પર્ધા


પહેલું ઈનામ


બીજું ઈનામ


ત્રીજું ઈનામ

**સીમંધર સીટીમાં દિવાળી દરમ્યાન યોજાયેલ રંગોળી સ્પર્ધાના વિજેતાઓએ રચેલી રંગોળીઓ.**

# ફ્યુઝન-૨૦૧૦


મિસ મેચ


ક્લે વર્ક

આપણા દરેક સેન્ટર પર BMHT, LMHT અને YMHT ગ્રુપ્સ ખૂબ સુંદર રીતે ચાલી રહ્યા છે. દરેક બાળક વિવિધ સેન્ટર પર ચાલી રહેલા પોતાના ગ્રુપના બાળકોને ઓળખે, એમની સાથે હળે-મળે એ માટે દિવાળીમાં અડાલજ ખાતે 'એન્યુઅલ મીટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું નામ રાખ્યું હતું 'ફ્યુઝન ૨૦૧૦'. ત્રણે ગ્રુપના મળીને આશરે ૭૦૦-૮૦૦ બાળકો આમાં જોડાયા હતા.

બે દિવસના આ પ્રોગ્રામમાં BMHTમાં વાર્તા અને ગેમ્સ, LMHTમાં સેલ્ફ ડિસિપ્લિન અને YMHTમાં એક્સપેક્ટેશન (અપેક્ષાઓ) અને ફ્લેક્સિબિલિટીની થીમ પર સત્સંગ રખાયા હતા.

આ ઉપરાંત ગેમ્સ, ક્રાફ્ટ વર્ક, ક્રિએટિવ વર્ક તો ખરા જ. છેલ્લે બાળકો દ્વારા કરેલા ક્રિએટિવ વર્કનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. જે મહાત્માઓને જોવા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. પૂજ્યશ્રીનો તેમ જ આપ્તપુત્રો, આપ્તપુત્રીઓના સત્સંગ કાર્યક્રમોએ આ ઈવેન્ટમાં ચાર ચાંદ લગાવી દીધા હતા.


પ્રોગ્રામની સફળતા જોઈ દર વર્ષે દિવાળી વેકેશન દરમ્યાન ફ્યુઝનનું આયોજન કરવાનું વિચારેલ છે.


ફેસ પેઈન્ટીગ


ડ્રામા

**BYE BYE 2010**


# અડાલજ ત્રિમંદિરના પ્રાંગણમાં


વ્હાલા બાળકો,









૨ જી ડિસેમ્બર એટલે આપણા વ્હાલા પૂજ્ય નીરુમાનો જન્મદિવસ. ૨ ડિસેમ્બર, ૨૦૧૦ના દિવસે અડાલજ ત્રિમંદિર ખાતે ખાસ બાળકો માટે ઊભું કરવામાં આવેલ 'સ્ટોર ઓફ હેપ્પીનેસ'નું પૂજ્ય દીપકભાઈના શુભ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.


'સ્ટોર ઓફ હેપ્પીનેસ'માં દાદાશ્રીના વિજ્ઞાનને બાળકોને ગમે અને સમજાય એ રીતે વિવિધ માધ્યમો દ્વારા પ્રદર્શિત કરવામાં આવશે. આ બિલ્ડીંગમાં અંડરગ્રાઉન્ડ, અંદાજે ૧૦૦ બાળકો બેસી શકે એવું નાનકડું 'એમ્ફી થીયેટર' બનાવવામાં આવ્યું છે. જેમાં બાળકોને માટે વિવિધ પ્રવૃત્તિઓ ઉપરાંત 'ઓડિયો વીઝયુઅલ શો' પણ દેખાડવામાં આવશે.

ઉદ્‌ઘાટન કર્યા બાદ પૂજ્યશ્રીએ મહાત્માઓને સંદેશો આપતા કહ્યું હતુ કે, જેમ આપણી મીઠાઈની દુકાન હોય તો જલેબી લેવા બીજે જવું ના પડે. એમ આપણે સુખની દુકાન ખોલીએ તો સુખ લેવા આપણે બીજે ના જવું પડે. આપણા ઘરે સુખ જ રહે. એવી જ રીતે આપણે સૌ ભાવના ભાવીએ કે અહીં આવનાર દરેક બાળક એવી સમજણ લઈને જાય કે એ પોતે સુખની દુકાન ખોલી શકે એટલે કે જીવનમાં ભેગી થનાર દરેક વ્યક્તિને સુખ આપે. ક્યારેય કોઈને દુઃખ ન આપે.




## સ્ટોર ઓફ હેપ્પીનેસ

## મનગમતી વાર્તા



# કાવ્ય સ્પર્ધાનું પરિણામ

## ૭ થી ૯ વર્ષ

### પહેલું ઈનામ

મમ્મીના છે ઘણા ઉપકાર,
તેને વંદન કરું વારંવાર.
જન્મ આપી આ પૃથ્વી પર,
લાવવાનો ઉપકાર.
આંગળી પકડી ચાલતા,
શીખવાડવાનો ઉપકાર.
ભણતા ભણતા ન આવડે તો,
શીખવાડવાનો ઉપકાર.
માંદી પડુ તો સારવાર,
કરવાનો ઉપકાર.
સૂવા માટે વાર્તા કહી
સુવડાવવાનો ઉપકાર.
દાદાના સત્સંગમાં સમજાવી
લાવવાનો ઉપકાર
દાદાની વાતો કહી મોક્ષ માર્ગી
બનાવવાનો ઉપકાર.

નામ :- કામાક્ષી પંડ્યા
ઉંમર :- ૯ વર્ષ,
ભાવનગર

મિત્રો,

'કાવ્ય સ્પર્ધા'માં ભાગ લેનાર દરેકને ખૂબ ખૂબ અભિનંદન. કાવ્યો ખૂબ સુંદર આવ્યા છે. વિજેતાઓને એમના ઈનામ ઘેર બેઠા જ મળી જશે. આશા છે આવી જ રીતે તમે દરેક સ્પર્ધામાં ભાગ લેતા રહેશો. વિજેતાઓના કાવ્યો અહીં પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

### બીજું ઈનામ

ઓ મારી મમ્મી,
હું તો તારી પમ્મી.
હું ચાલુ તારી સાથે,
વાર્તાના સાદે.
હું રમું તારી સાથે,
આનંદ સથવારે.
તારા પ્રેમનો છે ઓડકાર,
મારા જીવનમાં તારો ઉપકાર.
ઓ મારી મમ્મી, તું છે મારી જનની.

પ્રેક્ષા પ્રશાંત પંડ્યા,
ઉંમર :- ૭ વર્ષ,
સુરત(પીપલોદ)

## ૧૦ થી ૧૨ વર્ષ

### પહેલું ઈનામ

ચાલો સૌ હળી-મળીને રમીએ રમત,
સાથે કરીએ સૌ આનંદ અને ગમ્મત.
ટીનુ-મીનુ છે મારા ફ્રેન્ડ,
સાથે રમીએ ટ્રેન... ટ્રેન...
જઈશું આપણે અમદાવાદ અને રાજકોટ,
ફરીશું, ઘુમીશું અને કરીશું મોજ,
મદદ કરીશું આપણે સૌને સાથ-સાથ,
દાદા ભગવાન છે આપણી સંગાથ.

નામ :- કાકરીયા ગુંજા પરેશભાઈ
ઉંમર :- ૧૨ વર્ષ, વેરાવળ

### બીજું ઈનામ

A Friend is a Friend.
Who will be beside you?
And always help you.
A friend can give happiness,
But never sadness.
Even if you lose a game,
They will reassure you.
Not even a misunderstanding,
Can break your friendship.
You will still be friends forever!

Yashika Makwana
UK, Age: - 11




જાન્યુઆરી ૨૦૧૧ ૧૬ અક્રમ એક્સપ્રેસ